પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૦૧, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૩-૦૮-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 01 PRICE :-RS. 1.50 DATE : 23-08-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ગુજરાતના ૬૦૦ શિલ્પકાર ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં

# ૫૫ ફૂટ ઊંચું, ૫૪ ફૂટ પહોળું ૭૨ ફૂટ લાંબુ અને ૧ હજાર વર્ષ ટકી રહે તેવું જિનાલય તૈયાર કરશે



અમદાવાદ, ગુજરાતના ૬૦૦થી વધુ શિલ્પકારો ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે સૌથી મોટા શિખરબદ્ધ જિનાલયનું નિર્માણ કરશે. સોમપુરા સમાજના અગ્રણી તેમજ પ્રખ્યાત શિલ્પકાર રાજેશ સોમપુરાના જણાવ્યા અનુસાર આ જિનાલય ૫૫ ફૂટ ઊંચું, ૫૪ ફૂટ પહોળું, અને ૭૨ ફૂટ લંબાઈ ધરાવતું જિનાલય હશે. આ જિનાલયનું નિર્માણ ૩ વર્ષમાં પૂરું કરવાનો ટાર્ગેટ છે.આ જિનાલય એ રીતે તૈયાર કરવામાં આવશે કે તેનું આયુષ્ય ૧ હજાર કે તેથી વધુ વર્ષ સુધી રહેશે.જિનાલયને તૈયાર કરવા દિવસ રાત શિલ્પકારો કામગીરી કરી રહ્યા છે. અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ પણ સોમપુરા સમાજના શિલ્પીઓ દ્વારા થઈ રહ્યું છે.

જિનાલયમાં લોખંડ-સિમેન્ટનો ઉપયોગ નહીં થાય : જિનાલયમાં ૧૫૦૦ ટન રાજસ્થાન મકરાના પ્લોર માર્બલનો ઉપયોગ કરવામાં આવશે, આગામી થોડા દિવસોમાં ૨૦ જેટલા સોમપુરા સમાજના શિલ્પકારો મેલબોર્ન જશે. સમગ્ર જીનાલયમાં લોખંડ અને સિમેન્ટનો ઉપયોગ કરવામાં નહિ આવે. તમામ પથ્થર ગુજરાતથી સમુદ્ર માર્ગ મારફતે મોકલવામાં આવશે. ૩ વર્ષના સમય ગાળામાં આ જિનાલય તૈયાર થઈ જશે. અત્યાર સુધી ૩૦% જેટલું કાર્ય કારીગરો દ્વારા સંપૂર્ણ કરવામાં આવ્યું છે.

શિલાન્યાસમાં ૨૧ શિલ્પની પૂજા કરાઈ હતી : મેલબોર્ન જૈનંઘના પ્રમુખ નીતિન જોશીએ જણાવ્યું કે, આ જિનાલય માટે ૪ ઓગસ્ટે શિલાન્યાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રકારનું સૌથી મોટું જિનાલય સમગ્ર ઓસ્ટ્રેલિયામાં નથી. જિનાલયના શિલાન્યાસ કાર્યક્રમ પ.પૂ. આ જગવલ્લભ સૂરીશ્વરજી મહારાજાની હાજરીમાં યોજાયો હતો. સાથે સાથે ૨૧ શિલ્પની પણ પૂજા કરવામાં આવી હતી. આ જિનાલય સમગ્ર ઓસ્ટ્રેલિયાનું પહેલું અને સૌથી ઊંચું શિખરબદ્ધ જિનાલય બનવા જઈ રહ્યું છે.

### જિનાલયની ભવ્યતા, આંકડાઓમાં

મન જે કઈ જુએ છે અને સાંભળે છે એનાથી અત્યંત પ્રભાવિત થાય છે. એમાંય દ્રશ્યની છાપ લાંબા સમય સુધી માનસ પટ પર રહેતી હોય છે. જૈન દર્શનની સમૃદ્ધ, વિવિધ કલાત્મક અને પવિત્ર, શાંત અને સૌંદર્યપૂર્ણ સંરચના ભક્તોના મન પર અમિત છાપ મૂકે છે.

મંદિર એ આરાધનાની એક એવી જગ્યા છે જ્યાં ઉપાશક સંપૂર્ણ શાંતિ, પવિત્રતા અને નિર્મળ સૌંદર્યની અનુભૂતિ કરી શકે છે. મંદિરનું વાતાવરણ.

# પંજાબમાં ભારત-પાક. સરહદેથી ૨૦૦ કરોડનું હેરોઈન ઝડપાયું



ચંડીગઢ, બીએસએફ અને પંજાબ પોલીસે સંયુક્ત રીતે ડ્રગ્સના રેકેટનો ભાંડાફોડ કર્યો હતો. બાતમીના આધારે પોલીસ અને બીએસએફે ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં ૪૦ કિલો હેરોઈનનો જથ્થો પકડાયો હતો. જોકે, પોલીસને જોઈને આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

પંજાબ પોલીસના કહેવા પ્રમાણે પાકિસ્તાનમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો પહોચતો હોવાની બાતમી મળી હતી. એની જાણકારી બીએસએફને આપવામાં આવી હતી. બીએસએફના જવાનો અને પંજાબ પોલીસે મળીને સરહદે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. સુરક્ષાદળોની હાજરીની જાણ થયા પછી આરોપીઓએ ફાયરિંગ કર્યું હતું અને નાસી ગયા હતા.

પોલીસે હેરોઈનનો ૪૦ કિલો જથ્થો જપ્ત કર્યો હતો, જેની આંતરરાષ્ટ્રીય માર્કેટમાં લગભગ ૨૦૦ કરોડ રૂપિયાની કિંમત થવા જાય છે. હેરોઈન ઉપરાંત ૧૮૦ ગ્રામ અફિણ અને પ્લાસ્ટિકની બે પાઈપ્સ પણ જપ્ત કરવામાં આવી હતી. પાઈપમાં મેડ ઈન પાકિસ્તાન લખાયું હોવાથી જથ્થો પાકિસ્તાન સરહદેથી આવ્યાનું સ્પષ્ટ થયું હતું.

આ જથ્થો પાકિસ્તાનમાંથી નિર્મલ સિંહ ઉર્ફે સોનુએ મંગાવ્યો હતો. નિર્મલ સિંહ વોન્ટેડ સ્મગલર છે અને તેની સામે પંજાબના એકથી વધુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઈ છે. ઘરિન્ડાનો વતની વોન્ટેડ સ્મલગર નિર્મલ સિંહ અગાઉ પણ પોલીસને હાથતાળી આપીને ભાગી ગયો હતો. પોલીસે તેના સહિતના તમામ આરોપીઓને ઝડપી લેવા માટે કવાયત શરૂ કરી હોવાનું પંજાબ પોલીસના ઉચ્ચ અધિકારી ગુલનીત સિંહ ખુરાનાએ કહ્યું હતું. સુરક્ષાદળોને એલર્ટ કરતા ઉચ્ચ અધિકારીઓએ એવી દહેશત વ્યક્ત કરી હતી કે અફઘાનિસ્તાનની વર્તમાન સ્થિતિ જોતાં હવે પંજાબની સરહદેથી નશીલા પદાર્થોની તસ્કરીની ઘટનાઓમાં વધારો થશે. પહેલાં અફઘાનિસ્તાનના વેપાર માર્ગે ભારતમાં ડ્રગ્સનો જથ્થો ઘૂસાડાતો હતો, હવે એ રસ્તો બંધ થઈ જતાં સ્મગલરો પંજાબની સરહદે વધારે સક્રિય થશે.

# અમદાવાદ એરપોર્ટની સુરક્ષા-મુસાફરોની સલામતીમાં વધારો કરાશે

અમદાવાદ, દેશમાં સૌથી વ્યસ્ત એરપોર્ટમાં સાતમો ક્રમ ધરાવતા અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ ખાતે પેસેન્જર ફૂટફોલની સાથે ફલાઈટોની અવર-જવરમાં વધારો થયો છે. જેના પગલે અમદાવાદ એરપોર્ટની સુરક્ષા અને મુસાફરોની સલામતીમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. જેના પગલે અમદાવાર એરપોર્ટ ખાતે સીઆઈએસએફના જવાનોની સંખ્યા ૮૫૦થી વધારીને ૧૪૦૦ કરાશે. અમદાવાદ એરપોર્ટમાં સીઆઈએસએફના જવાનોની સંખ્યા વધારીને બમણી કરાઈ હોય તેવું પ્રથમ વાર બન્યું છે.

અમદાવાદ એરપોર્ટ અને રન-વેની આસપાસ રહેઠાણવાળો વિસ્તાર હોવાથી સુરક્ષાને લઈ અનેક ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આમ ટમનલ અને રન-વે પર કોઈ શંકાસ્પદ મુવમેન્ટ ઉપર પણ વોચ રાખવા માટે સુરક્ષા વધારવામાં આવી રહી છે. હાલમાં અમદાવાદ એરપોર્ટ પર ત્રણ શિફટમાં કુલ ૮૫૦ જેટલા સીઆઈએસએફના જવાનો તૈનાત છે હવે આ ફોર્સમાં વધારો કરીને ૧૪૦૦ જેટલા કરવામાં આવશે. જે સંલગ્ન દિલ્હી હેડકવાર્ટરથી મંજૂરી પણ આવી ગઈ છે. અમદાવાદ એરપોર્ટના બહાર સરદાર પટેલના સ્ટેચ્યુથી લઈ અને અંદર તમામ જગ્યા પર સીઆઈએસએફની ટીમ ૨૪ કલાક હોય છે. સિક્યોરિટી હોલ્ટ એરિયા, એરપોર્ટના પ્રવેશ પર, રન વે પર વોચ પોઈન્ટ, વ્હીકલ ગેટ, કાર્ગો ગેટ અને ટમનલની બહાર સહીત તમામ જગ્યાઓ ઉપર જવાનો ૨૪ કલાક તેમની ડયુટી મુજબ ફરજ બજાવી રહ્યા છે.

હાલમાં ટમનલમાં કોઈ આવન જાવન કરતાં શંકાસ્પદ મુસાફરોના લગેજ ખોલાવી સીઆઈએસએફની ટીમ ડોગ સ્કોવોર્ડ દ્વારા ચેક કરે છે. ઉપરાંત રન-વેની દિવાલ પરથી કોઈ અજાણ્યો વ્યક્તિ ઘુસી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવા માટે વોચ ટાવર ઉભા કરી મોનીટરીંગ કરવામાં આવે છે. આ ઉપરાંત હાઈ એલર્ટ હોય ત્યારે પણ સીઆઈએસએફને વધારી દેવામાં આવે છે. થોડા સમય પહેલા રન-વે પર નીલ ગાય ઘુસી જતા દોડધામ મચી હતી. આમ હવે અમદાવાદ એરપોર્ટની સુરક્ષામાં વધારો કરાશે.

સીઆઈએસએફના એક ઉચ્ચ અધિકારી એ કહ્યું છે કે ‘અમદાવાદના ડોમેસ્ટિક એરપોર્ટ પર પ્રતિદિન ૧૫૦ જેટલી ફલાઈટોમાં ૧૦ હજાર મુસાફરો આવનજાવન કરે છે. હવે અમદાવાદ એરપોર્ટનું ખાનગીકરણ થતા આગામી સમયમાં મુસાફરો વધવાની સાથે આંતરરાષ્ટ્રીય ફલાઈટો પણ શરૂ થશે તો હાલમાં ડોમેસ્ટિક ફલાઈટોની સંખ્યા ૧૫૦ છે જે વધીને પ્રતિદિન ૨૦૦ થઈ જશે આમ એરટ્રાફિક સાથે પેસેન્જરોનો ટ્રાફિક બમણો થશે તો સ્વભાવિક રીતે મુસાફરોની સલામતી પણ એટલી મહત્વની છે.તેમણે વધુમાં ઉમેર્યુ કે ’વીવીઆઈપી મુવમેન્ટમાં પણ વધારો થયો હોવાથી એરપોર્ટ પર સીઆઈએસએફની સંખ્યા વધારવી જરૂરી છે જેનો અમે સર્વે કરી અદાણીને સુપરત કર્યો હતો,જેની મંજૂરી મળી ગઈ છે. હવે આગામી સમયમાં અમદાવાદ એરપોર્ટ પર સીઆઈએસએફની સ્ટ્રેન્થ ૧૪૦૦ પર પહોંચી જશે.’

# કાશ્મીરમાં આતંકીઓ સામે સૈન્યના બે મોટા ઓપરેશન

પુલવામા, દક્ષિણ કાશ્મીરના પુલવામાના અવંતીપોરામાં સૈન્ય દ્વારા એક મોટુ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કુલ પાંચ આતંકીઓનો ખાતમો કરવામાં આવ્યો છે.

આતંકીઓ માર્યા ગયા તે બાદ સુરક્ષા જવાનો દ્વારા હાલ જંગલમાં સર્ચ ઓપરેશન જારી છે. આ ઓપરેશન દરમિયાન કેટલાક આતંકીઓ જંગલમાં ભાગી ગયા હોવાના અહેવાલોને પગલે તપાસ અભિયાન શરૂ કરાયું છે. છેલ્લા ૨૪ કલાકમાં આતંકીઓ સામેનું આ બીજુ મોટુ ઓપરેશન છે. જેમાં અત્યાર સુધીમાં કુલ પાંચ આતંકીઓ માર્યા ગયા છે.

શુક્રવારે જ અવંતીપોરામાં જ એક ઘર્ષણમાં સૈન્યએ બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા. સૈન્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે જવાબી કાર્યવાહી પહેલા આતંકીઓને આત્મસમર્પણ કરવાની અપીલ કરાઈ હતી. જોકે આતંકીઓએ હિથયારો છોડવાની ના પાડી દીધી હતી અને સૈન્ય પર જ ગોળીબાર કરી દીધો હતો જે બાદ આ ઓપરેશન શરૂ કરાયું હતું અને આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા.બીજી તરફ પઠાણકોટમાં અત્યંત ભિષણ ગરમીમાં ટ્રેનિંગ દરમિયાન એક જવાનનું મોત નિપજ્યું હતું. જ્યારે અનેક સૈનિકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના પઠાણકોટના મામુન સૈન્ય સ્ટેશન પર બની હતી. જ્યારે ટ્રેનિંગ ચાલી રહી હતી ત્યારે ભીષણ ગરમી હતી.

# સપ્ટેમ્બરમાં કોરોનાની ત્રીજી લહેર આવી શકે : નીતિ આયોગ



નવી દિલ્હી, હવે ભારતમાં કોરોનાની ત્રીજી લહેર સપ્ટેમ્બરમાં આવે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.નીતિ આયોગના સભ્ય વી કે પોલે ગયા મહિને સરકારને કોરોનાના સંક્રમણના પડકારનો સામનો કરવા માટે કેટલાક સૂચનો કર્યા છે.જેમાં કહેવામાં આવ્યુ છે કે, હવે પછી જે લહેર આવશે તેમાં કોરોનાના ૧૦૦ કેસમાંથી ૨૩ કેસમાં દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાની તૈયારી રાખવી પડશે. એક અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે સરકારને જે ભલામણો કરવામાં આવી છે તે એપ્રિલ થી જુન દરમિયાન જે પેટર્ન જોવા મળી રહી છે.તેના પર આધારિત છે.કોરોનાની બીજી લહેર પૂરજોશમાં હતી ત્યારે દેશમાં ૧૮ લાખ સક્રિયકેસ હતા.તેમાંથી દસ રાજ્યોમાં ૨૧ ટકા કેસ એવા હતા જેમાં દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની જરુર પડી હતી. નીતિ આયોગનુ કહેવુ છે કે, તેનાથી પણ ખરાબ સ્થિત માટે દેશે તૈયાર રહેવુ જોઈએ.એક દિવસમાં ચાર લાખથી પાંચ લાખ કેસ પણ આવી શકે છે અને આગામી મહિના સુધીમાં બે લાખ આઈસીયુ બેટ તૈયાર કરવાની જરુર છે.જેમાં વેન્ટિલેટર સાથેના ૧.૨ લાખ બેડ તેમજ આઈસીયુ વગરના પાંચ લાખ ઓક્સિજન બેડ અને ૧૦ લાખ કોવિડ આઈસોલેશન બેડની તૈયારી રાખવી જોઈએ.

# ગરીબ કલ્યાણ હેઠળ ૧.૨૫ લાખ કાર્ડ ધારકોને પાંચમી સુધી અન્ન અપાશે

ગાંધીનગર, આગામી ત્રણથી પાંચ દિવસ સમગ્ર રાજયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે આ ઉપરાંત ચાલુ માસના અંતે જન્માષ્ટમીના પર્વો આવી રહ્યા છે જેને ધ્યાનમાં રાખીને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ઓગસ્ટ માસનું અન્ન લાભાર્થીઓ પાંચમી સપ્ટેમ્બર સુધી મેળવી શકશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પગલે ગાંધીનગર જિલ્લાના ૧.૨૫ લાખથી વધુ કાર્ડધારકો હવે આગામી પાંચમી તારીખ સુધીઘઉં, ચોખા, તેલ, ખાંડ અને મીઠું સહિતનું અન્ન મેળવી શકશે.

કોરોનાના કપરાકાળમાં ગરીબોની હાલત દયનીય બની ગઈ છે આવી સ્થિતિમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરૃ કરવામાં આવી છે અને આ રાષ્ટ્રીય યોજના અંતર્ગત ગરીબી રેખાની નીચે જીવતા પરિવારોને રાહતદરે અન્નનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ચાલુ માસમાં અન્ન મેળવવાની અવધી વધારવામાં આવી છે. આ અંગે ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનું વિનામુલ્યે વિતરણ તથા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળના સમાવિષ્ટ લાભાર્થીઓને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનું રાહતદરનું ઓગસ્ટ માસનું વિતરણ ચાલુ છે.

હાલ વર્ષાઋતુ તથા રાજયના કેટલાક વિસ્તારમાં ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈ તેમજ ચાલુ માસના અંતિમ દિવસોમાં આવતા જન્માષ્ટમીને ધ્યાને રાખીને રાજયના એનએફએસએ હેઠળના સમાવિષ્ટ લાભાર્થીઓ બન્ને યોજના હેઠળના મળવાપાત્ર લાભથી વંચિત ન રહે તે હેતુસર ઓગસ્ટ ૨૦૨૧ના પીએમજીકેએવાય યોજનાનાના ઘઉં તથા ચોખાના વિનામુલ્યે વિતરણની તથા એનએફએસએ-૨૦૧૩ હેઠળના સમાવિષ્ટ લાભાર્થીઓને ઘઉં,ચોખા, ખાંડ, દાળ, તેલ ,મીઠું જેવી આવસ્યક ચીજવસ્તુઓના ઓગસ્ટ માસના વિતરણની મુદત આગામી સપ્ટેમ્બર ૨૦૨૧માસની પાંચમી તારીખ સુધી લંબાવવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં આ યોજનાનો લાભ સરેરાશ ૧.૨૫ લાખથી વધુ પરિવારો લઈ રહ્યા છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

# હોલમાર્ક યુનિક IDના અવ્યવહારુ અમલ સામે જ્વેલર્સની સોમવારે એક દિવસની હડતાળ



મુંબઈ, ગોલ્ડ જ્વેલરીના ફરજિયાત હોલમાર્કિંગની સાથોસાથ હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબરના અવ્યવહારુ અમલ સામે દેશભરના જ્વેલર્સ ૨૩ ઓગસ્ટના રોજ એક દિવસની હડતાળ પાડશે. દેશભરના ૩૫૦ સંગઠનો તથા ફેડરેશન્સે આ હડતાળને ટેકો આપ્યો છે એમ ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું.

દેશમાં ૧૬ જુનથી ફરજિયાત ગોલ્ડ હોલમાર્કિંગ તબક્કાવાર રીતે અમલી બનાવાયું છે. પ્રથમ તબક્કામાં ૨૮ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૫૬ જિલ્લાઓમાં આ નિર્ણય લાગુ કરાયો છે. હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબરનો અમલ અવ્યવહારુ છે. સરકાર આ મુદ્દે સમિતિઓ બનાવીને માત્ર બેઠકો યોજી રહી છે પરંતુ ચોક્કસ નિર્ણય લેતી નથી એમ કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું. સરકાર સમય પસાર કરી રહી છે.

જ્વેલર્સ નવા હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબરનો સ્વીકાર નહીં કરે કારણ કે તેને ગોલ્ડની શુદ્ધતા સાથે સંબંધ નથી. નંબરિગ એ સમય માગી લેતી પદ્ધતિ છે અને હાલની સ્પીડે તથા હોલમાર્કિંગ કેન્દ્રોની સંખ્યાને જોતા જ્વેલર્સ નવા હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર માટેની કવાયત પૂરી કરવામાં લાંબો સમય નીકળી શકે છે. હાલની હોલમાર્કિંગ પ્રક્રિયામાં ઢીલને કારણે હજારો ટન્સ સોનુ નિષ્ક્રીય હાલતમાં પડી રહ્યું છે. હોલમાર્ક પ્રશ્ને જ્વેલર્સ સામે ફોજદારી કાર્યવાહી એટલે ઈન્સ્પેકટર રાજને આમંત્રણ આપવા જેવું છે. ઈન્સ્પેકટર રાજ ફરી આવશે તો જ્વેલર્સે પોતાની વેપારધંધા બંધ કરી દેવાની ફરજ પડશે એમ કાઉન્સિલના સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. જ્વેલર્સ નવા હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર સાથેના ઘરેણાંની વેચાણ સાંકળમાં દરેક દરેક પક્ષો એટલે કે ઉત્પાદકોથી લઈને અંતિમ ગ્રાહકની વિગતો પૂરી પાડવાની રહેશે જે શકય ઔનહીં હોવાનો જ્વેલર્સ ઉદ્યોગ દ્વારા દાવો કરાયો છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. ડી. બારીયા

મુ. આગરવાડા, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એલ.એસ. ઝાલૈયા

મુ. વંદેલી, તા. મોરવા(હ)

## મહીસાગર જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમિટીની બેઠક યોજાઇ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લા સેવા સદન લુણાવાડા ખાતે દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતા અને પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડની સહઅધ્યક્ષતામાં જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમિટી (દિશા)ની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં સાંસદ ભાભોરે જિલ્લામાં ચાલી રહેલી યોજનાઓની કામગીરી ઝડપભેર થવી જોઈએ અને સમયમર્યાદામાં યોજનાઓના લક્ષ્યાંક પૂરા થવા જોઈએ. તેમ જણાવી તેમણે આવાસ, સિંચાઈ, કૃષિ, અંતર્ગત થઇ રહેલી કામગીરી, આરોગ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં યોજનાઓની પ્રગતિ અને લક્ષ્યાંક સિદ્ધિ બાબત ચર્ચા-સમીક્ષા કરી હતી. આ બેઠકમાંનિરાધાર વૃધ્ધ સહાય યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરીની યોજનાઓ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામ્ય) મનરેગા, એન.આર.એલ.એમ, ડીડીયુ-જીકેવાય, પ્રધાન મંત્રી કૌશલ વિકાસ યોજનાની સમીક્ષા (PMKVY), પ્રધાનમંત્રી જન ધન યોજના, નગર પાલીકા લુણાવાડા, સંતરામપુર, બાલાસિનોરની પ્રધાનમંત્રી આવાસ યોજના (અર્બન) સ્વચ્છ ભારત મિશન (અર્બન)ની સમીક્ષા તેમજ ડિઝીટલ ઈન્ડિયા પ્રોગામ, ૧૪મું નાણાપંચ કામો, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, મધ્યાહન ભોજન યોજના, સંકલિત જળસ્ત્રાવ વિકાસ એકમ, પાણી પુરવઠા (બાંધકામ) નેશનલ રૂરલ ડ્રીંકીંગ વોટર સપ્લાય કાર્યક્રમ, ડીઝીટલ ઈન્ડીયા લેન્ડ રેકર્ડસ આધુનિકીકરણ કાર્યક્રમ, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, (PMGSY) સંકલિત બાળ વિકાસ યોજના, સર્વ શિક્ષાઅભિયાન, જિલ્લા ખેતીવાડી યોજનાઓ, દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ્ય જ્યોતિ યોજના (DDUGJY) સામાજિક વનીકરણ, જિલ્લા રોજગાર કચેરી, ખાણ ખનિજ વિભાગ, પ્રાયોજના વહીવટદાર કચેરીની યોજનાઓની કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં વિકાસના કામો ગુણવત્તાયુક્ત થાય તે જોવા પર ભાર મુકી તમામ કામો ઝડપી અને સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા સુચવ્યું હતું. દિશા કમીટીનીઆ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા કલેકટર ડો. મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી, ધારાસભ્ય સર્વ કુબેરભાઈ ડીડોર, જીગ્નેશભાઈ સેવક, અજીતસિંહ ચૌહાણ, નિમીષાબેન સુથાર, નગરપાલીકા પ્રમુખ બ્રિંદાબેન શુક્લ, તાલુકા પંચાયત પ્રમુખઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પાટીદાર સહિત જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## ધી સંત તાલુકા ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ સંતરામપુરની ૬૨ મી વાર્ષિક સાધારણ સભા મળી

સંતરામપુર, ગત તારીખ ૨૧/૩/૨૦૨૧ ની કોરોના મહામારી ના કારણે મંજૂરી ન મળતા મુલતવી રાખેલ ૬૨ મી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૧/૩/૨૦૨૧ ના એજન્ડા મુજબ તારીખ ૨૧/૮/૨૦૨૧ ને શનિવારે બપોરના ૧:૦૦ કલાકે સોસાયટીના ચેરમેન શ્રી શાંતિલાલ એચ સહાની ના અદયક્ષ સ્થાને મળી જેમાં સભાસ્થળે સરકારશ્રીની કોવિડ-૧૯ ની ગાઈડલાઈન મુજબ ૧૦૦ જેટલા સભાસદો હાજર રહ્યા તેમજ ઓનલાઈન લજ્ઞજ્ઞલહય ળયયશિંના માધ્યમથી અંદાજિત ૨૦૦ જેટલા સભાસદો જોડાયા સભાની શરૂઆત કરતા પહેલા મંડળીના વ્યવસ્થાપક કમિટી સભ્ય શ્રી રમેશભાઈ મછાર તેમજ કોરોના મહામારીમાં અવસાન પામેલ સભાસદો ને બે મિનીટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી એજન્ડા મુજબ કાર્યવાહી શરૂ થતા ગત તારીખ ૨૩/૨/૨૦૨૦ ની ખાસ સાધારણ સભાનું પ્રોસીડીંગ વંચાણે લેતા બહાલી આપવામાં આવી આજની સભામાં સ્થાનિક ઓડિટર શ્રીઓ દ્વારા ઓડિટ રિપોર્ટ વંચાણે લેતા સોસાયટીની કાર્યપ્રણાલી તેમજ કામગીરીથી સંતોષ વ્યકત કરવામાં આવ્યો આજની સભામાં સભાસદોના હિતમાં ધિરાણ મર્યાદા ૧૦ લાખથી વધારી ૧૧ લાખ કરવામાં આવી સંતરામપુર તાલુકામાંથી શ્રી મનસુખભાઈ ભાભોર, રેવાભાઇ પટેલ, લક્ષ્મણભાઈ ખાંટ, અરવિંદભાઈ પટેલ, ફતેપુરા તાલુકામાંથી સુખલાલભાઈ પરમાર, સુરેશભાઈ પંચાલ, કડાણા તાલુકા માંથી મનસુખભાઈ પટેલીયા, પરસોત્તમભાઈ પટેલ વિગેરે એ ચર્ચામાં ભાગ લઈ મંડળીની કાર્યપ્રણાલી પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો તેમજ ખામીઓ પ્રત્યે ધ્યાન દોરી જરૂરી સૂચનો પણ કરવામાં આવ્યા સભામાં હાજર તેમજ ઓનલાઈન જોડાયેલ તમામ વ્યવસ્થાપક કમિટી સભ્યશ્રીઓ ત્રણ તાલુકાના સંગઠનના હોદ્દેદારો ઓડિટર શ્રીઓ તેમજ તમામ સભાસદો તથા ટેકનિશિયન હરેશભાઈ, હર્ષદભાઈ ગટલીભાઈ નો આભાર વ્યકત કરી સભા પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી સમગ્ર સભાનું સંચાલન મનસુખભાઈ ભાભોર દ્વારા કરવામાં આવ્યું.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

રક્ષાબંધન(બળેવ)ના તહેવાર નિમીતે સંતરામપુર ભુવનેશ્વરી માતાના મંદિરે સંતરામપુર ગોમતિવાળ સમાજના બ્રાહણોએ સંત-ભુવનેશ્વરી માતાના મંદિરે વૈદિક, પુરાણોક રીતે મંત્રોચ્ચાર પુજા વિધી સાથે જનોઈ બદલેલ આ દરમ્યાન જરૂરી કોવિડ-૧૯ની ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવેલ છે.

## લુણાવાડા વરધરી રોડ પર ગટરના ૨૦ જેટલા ખાડામાં ડાંમર પેચિંગ ન કરતાં વાહન ચાલકોને એક્સિડન્ટનો ભય


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, લુણાવાડા મહિલા પોલીસ સ્ટેશનથી વરધરી રોડ BSNL ઓફીસ તરફના રોડનું નવીનીકરણ કરવામાં આવ્યું છે પરંતુ નવીન બનાવેલ રોડમાં નગરપાલિકા દ્વારા બનાવેલ ગટર લાઈનના ઢાંકણની જગ્યા બાકી રાખતાં રોડમાં અમુક અમુક અંતરે ખાડા હોવાતાથી વાહન ચાલકોને અકસ્માતનો ભઈ સતાવી રહ્યો છે. વરધરી રોડ પર અંદાજીત ૨૦ જેટલા ગટર લાઈનાં ઢાંકણ આવેલા છે જે દરેક ની ચેમ્બર નવી બનાવી હાઈટ ઉપર લઈ પછી ડાંમરનું કામ કરવાનું હોય છે મરતું માર્ગ-મકાનની બેદરકારીના કારણે ડાંમરનું કામ થઈ ગયુંને ગટર લાઈનની ચેમ્બરના ઢાંકણ વાળી જગ્યાએ કામ બાકી રહેતા વરધરી રોડ પર ૨૦ જેટલા ખાડાઓ રહેતા વાહન ચાલકોમાં રોષ જોવા મળ્યો હતો. ત્યારે આ રસ્તા પરથી જિલ્લાના તામામ અધિકારીઓ પસાર થાય છે તેમ છતાં કોઈ પગલાં લેવાયાં નથી જેથી પ્રજાની માંગ છે કે ગટર લાઈનની ચેમ્બર ઉંચી લઈ ઢાંકણ વાળી જગ્યાએ તાત્કાલિક ડાંમર કામ કરવામાં આવે.

## સંતરામપુરમાં પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મીઓને રાખી બાંધી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, એકલ અભિયાન મહીસાગર આંચલમાં આચાર્ય બહેનો થકી સંતરામપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિકારી તેમજ પોલીસના જવાનો સાથે રક્ષાબંધન પર્વ નિમિત્તે દરેકને રક્ષણ આપે તેવા ભાવથી ભાઈ-બહેનના હેતનાં પવિત્ર તહેવારની ઉજવણી તા.૨૧/૦૮/૨૦૨૧ને શનિવારનાં રોજ કરવામાં આવી. તેમાં ઉપસ્થિત મહીસાગર આંચલ અધ્યક્ષ યોગેશકુમાર રણજીતસિંહ બામણીયા, અભ્યાન પ્રમુખ ભરતભાઈ એમ. બારીયા, સમિતિ રાયસીંગભાઈ રજાત, નરવતભાઈ ડીંડોર, કલ્પેશભાઈ મછાર, ગતિવિધિ પ્રમુખ સુરતાન ભાઈ, તેમજ મગનભાઈ, ચતુરભાઈ, લાલાભાઈ, વજાભાઈ હાજર રહી કાર્યક્રમને નિહાળ્યો.

## ઘોઘંબા માર્કેટીંગ યાર્ડના હોલમાં હિન્દુ રક્ષા મંચની બેઠક યોજાઇ




ઘોઘંબા, ઘોઘંબા ખાતે હિન્દુ રક્ષામંચ ની એક વિસ્તૃત બેઠક મળી હતી. જેમાં મોટી સંખ્યામાં હિન્દુ રક્ષા મંચના સાધકો અને અગ્રણી તથા મહાનુભાવો હાજર રહ્યા હતા. આ બેઠકમાં ગુજરાત પ્રદેશ અદયક્ષ આસિતભાઈ ભટ્ટ, જિલ્લા અદયક્ષ જયપાલસિંહ રાઠોડ, માજી ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, જિલ્લા પંચાયત સદસ્ય ભુપેન્દ્ર સોલંકી, એપીએમસીના વાઈસ ચેરમેન માધવસિંહ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જયપાલસિંહ રાઠોડ દ્વારા હિન્દુ સંસ્કૃતિ અને ધર્મના રક્ષણની વિસ્તૃત વાત કરી હતી. આ સાથે મહેમાનોનું સ્વાગત અને પરિચય પણ કરવામાં આવ્યો હતો. માજી ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે પણ હિન્દુ શાસકોની વાત કરી અને ઈતિહાસને યાદ કરાવ્યો હતો. પ્રદેશ અદયક્ષ આસિતભાઈ ભટ્ટ દ્વારા સમાજની વાતો સાથે સાથે હિન્દુ મંચના પ્રણેતા માર્ગદર્શક કોણ છે? તો પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠા, મેજર જનરલ જી.ડી. બક્ષી, મેજર ગૌરવ ભાવ્યા, સુશીલ પંડિત અને આર એસ એસ સિંગ છે. અખંડ ભારતના રક્ષણ માટે આ પાંચ પાંડવોએ હિંદુ ધર્મ રક્ષણની ધૂણી ધખાવી છે. ઈતિહાસને યાદ કરીએ તો મહાન આત્મા ચાણકય એટલે કે શાસ્ત્રના અને છત્રપતિ શિવાજી એટલે શસ્ત્રના. શાસ્ત્ર અને શસ્ત્ર લઈને હિન્દુ સંસ્કૃતિનું સંવર્ધન કરવાનું છે. સમગ્ર હિન્દુ સમાજે જયશ્રીરામનો નારો બુલંદ અવાજે ગજાવયો છે, ત્યારે તેના પરિણામ સ્વરૂપે અયોદયા ખાતે ભગવાન શ્રીરામનું ભવ્ય મંદિરનું નિર્માણ થઇ રહ્યું છે. આ સાથે હવે નારો બદલાયો છે "હર હર મહાદેવ".

ઘોઘંબા ખાતે ત્રણ જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ઘોઘંબા તાલુકાના હિન્દુ રક્ષા મંચના અદયક્ષ તરીકે નરેન્દ્રસિંહ સોલંકી, મહામંત્રી તરીકે હિરેન પરમાર તથા મંત્રી તરીકે પ્રદિપસિંહ પરમાર ની નિમણૂક થતા આંખો હોલ હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયો હતો. ટૂંક સમયમાં આખી સમિતિની જાહેરાત કરવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમના અંતે સૌની આભાર વિધિ કરવામાં આવી હતી.

## શ્રાવણ માસના શનિવારે જાંબુઘોડા નજીક આવેલું સુપ્રસિદ્ધ ઝડ હનુમાન મંદિર ખાતે ભક્તો ઉમટ્યા



જાંબુઘોડા, શ્રાવણ માસમાં અનેરો મહિમા દૂર દૂરથી ભકતો હુમાનજીના દર્શન માટે આવે છે. રળીયામણું વન જોઈ સેલાણીયો માં આનંદ છવાય છે. વર્ષા ઋતુમાં આકર્ષણનો જમાવડો ચારે તરફ લીલોતરી. પાણીના નાના મોટા ઝરણાં. એને વન પ્રાણીઓ ને જોઈ સેલાણીયો ખુશ થઈ જાય છે.

ઈતિહાસ વિશે માહેતી. આ પવિત્ર સ્થાને શ્રી હનુમાનજી ની ૨૧ ફુટ ની છે જે કે ભીમે સ્થાપી હતી. એને ભીમ ની ઘનટી તથા મહાભારત સમય નો. પોરાણિક કૂવો પણ આવેલ છે. આ મંદિર સાથે જોડા યેલા ભવ્ય ઈતિહાસ ની વાત કરીએ તો આ મંદિર જાંબુઘોડા થી ૧૦ કિલોમીટર દૂર આવેલું છે. મહાભારત ના સમય માં હનુમાનજી ની મૂર્તિ અહીંયા સ્થાપિત હોવાનું મનાય છે. પાંડવો પોતાના વનવાસ દર્મીયાન. જાંબુઘોડા ના જંગલ માં રહ્યા હતા. ભીમ ને પોતાના બળ નું અભિમાન હતું. તેને યોગ્ય દિશા બતાવામાટે એક દિવસ હનુમાનજી એ દુર્બળ વાનરનું સ્વરૂપ ધારણ કરી. પોતાની પૂછ થી ભીમ નો રસ્તો રોક્યો હતો. ભીમના કહેવા છતાં વાનરે પોતાની પૂછ ના હટાવી. આથી ભીમે પોતાની તાકાત લગાવી. પૂછ હટાવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પૂછ હતી નહીં. આથી ભીમને ખયાલ આવી ગયો. કે આ કોઈ સાધારણ પુરૂષ નથી. તેને વાનરને પોતાના મૂળ સ્વરૂપ માં આવા વિનન્તિ કરી. આથી હનુમાનજી એ દર્શન આપી કહ્યું. તને મારે આ કહેવા આવું પડ્યું. નિર્બળ એને વુર્ધ ની સેવા કરવી જોય એ. તેમજ જે આખો થી દેખાયછે તે સત્ય નથી હોતું. આ વાતને ગાંઠ બાંધી લે. કારણ કે આવનારા દિવસોમાં તારે આ વાતની જરૂર પડશે. આ જગ્યા એટલે જાંબુઘોડા. અહીંનું વન હેંડબા વન એવું પણ કહેવાય છે. અહીંયા ૨૧ ફૂટની હનુમાનજી ની મુર્તિને ખુદ ભીમે સ્થાપી હતી. અહીંયા ભીમ જે ઘનટી માં અનાજ દરતો હતો. તે ઘનટી પણ હયાત છે. વળી દ્રૌપદી ને એક સમય તરશ લાગી હતી તો અર્જુને તિર મારી અહીંયા જમીન માંથી પાણી કાઢ્યું હતું. તે કૂવો પણ આજે મોજુદ છે. પૌરાણિક સમય થીજ આ જગ્યાનું મહત્વ રહેલું છે. આજે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હનુમાનજીના દર્શન કરી ધન્યતા અનુ ભવે છે. અહીં હનુમાજીના પગ નીચે શનિ મહારાજની મૂર્તિ છે. વરી અહીંયા શનિ નું સ્વરૂપ કાળું નય ધોળું જોવા મળેછે. તેમના હાથમાં કટાર પણ છે. કહેવાય છે કે શનિ મહારાજ ના અભિમાન ને હનુમાનજીએ અહીં ઉતાર્યું હતું. એને તમને પોતાના પગ નીચે દબાવી દીધાં હતા. શનિ મહારાજે માફી માંગતા હનુમાનજીએ તેમને માફ કરી દીધાં હતા. હનુમાનજીના પ્રસન્નતાની ચમક એટલી બધી હતીકે શનિ દેવનું સ્વરૂપ ગોરું થઈ ગયું હતું.

આ મંદિર ના મુખ્ય સ્થાનો ની વાત કરીએ તો ૨૧ ફૂટ શ્રી હનુમાનજીની મૂર્તિ ભીમની ઘનટી. અર્જુને પોતાના તીરથી બનાવેલો કૂવો, મંદિર નજીક વહેતુ ઝરણું, મંદિર નજીક પૌરાણિક શિવલિગ, અહીંયા હનુમાનજીને સિંદૂર નય માત્ર તેલજ ચડાવામાં આવે છે. આ મંદિરે આરતી નો સમય સવારે ૬ વાગે એને સાંજે સ્દયા આરતી ૬ વાગે થાય છે.

## મહિલા અને બાળ અધિકારીની કચેરી, ગોધરા, પંચમહાલ

વ્હાલી દિકરી યોજનાનું અરજીપત્રક આંગણવાડી કેન્દ્ર/સીડીપીઓ કચેરી/ગ્રામ પંચાયત/મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી ખાતે વિના મૂલ્યે આપવામાં આવે છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર


વ્હાલી દીકરી યોજના

-: ઉદ્દેશ :-

દિકરીઓનું જન્મપ્રમાણ વધારવા, શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા તથા બાળ લગ્ન અટકાવવા.

યોજનાની સંપૂર્ણ માહિતી

-: લાભાર્થીની પાત્રતા :-



- તા.૦૨/૦૮/૨૦૧૯ કે ત્યાર બાદ જન્મેલ દીકરીને લાભ મળવાપાત્ર છે.
- વધુમાં વધુ ત્રણ દીકરી સુધી લાભ મળવાપાત્ર છે.
- માતા-પિતાની વાર્ષિક આવક રૂા.૨,૦૦,૦૦૦/- સુધીની હોવી જોઈએ.

-: સહાય :-

પ્રથમ હપ્તો : રૂા.૪,૦૦૦ । બીજો હપ્તો : રૂા.૬,૦૦૦ । ત્રીજો હપ્તો : રૂા.૧,૦૦,૦૦૦

મહિલા અને બાળ અધિકારીશ્રી, પંચમહાલ

## મહારાષ્ટ્રમાં દિવાળી પછી જ સ્કૂલો શરૂ કરાશે : અજીત પવાર

મુંબઈ, મહારાષ્ટ્રમાં દિવાળી પછી જ સ્કૂલો શરૂ કરવાની સૂચના ટાસ્ક ફોર્સ તરફથી આપવામાં આવી છે એવી માહિતી નાયબ મુખ્ય પ્રધાન અજીત પવારે આપી હતી.તેમણે કહ્યું હતું કે ૧૮ વર્ષથી મોટી ઉંમરના કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ કોરોનાની રસીના બંને ડોઝ લીધા હોય એવી કોલેજો શરૂ કરવા બાબત વિચારણા ચાલુ છે, અંતિમ નિર્ણય મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે લેશે.

મહારાષ્ટ્રમાં થોડા વખત પહેલા સ્કૂલો શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ પછી બે જ દિવસમાં નિર્ણય પાછો ખેંચવામાં આવ્યો હતો. આ બાબતમાં પૂછવામાં આવતા પવારે કહ્યું હતું કે સ્કૂલો શરૂ થવા બાબતે અનેક મતમતાંતર પ્રવર્તે છે. કોરોનાની ત્રીજી લહેરનું જોખમ પણ ઝળુંબે છે. એટલે જ ટાસ્ક ફોર્સે દિવાળી પછી સ્કૂલો શરૂ કરવાની સૂચના આપી છે.કોલેજો શરૂ કરવા બાબત રાજ્ય સરકારની વિચારણા ચાલુ છે. જે કોલેજના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, કર્મચારીઓએ રસીના બે ડોઝ લીધા હોય એ કોલેજ ખોલવાની મંજૂરી આપવાનો વિચાર થઈ રહ્યો છે.

## પાવાગઢના બસ સ્ટેન્ડ પર ST કર્મચારી દ્વારા ગવાયેલ ગીત થયું વાયરલ



પાવાગઢ, હાલ સોશિયલ મીડિયામાં કેટલા વિડિઓ વાયર થઈ રહેલા છે જેમાં આજે પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે એક એસટી ડ્રાઈવર દ્વારા ગવાયેલ ગાયન ખૂબ વાયર થયું છે.

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના પાવાગઢ ખાતેના બસ સ્ટેન્ડ પર એસ.ટી. કર્મચારી દ્વારા ગવાયેલ ગીત ખૂબ વાયર થયું છે જેમે ગાયનના અમુક અંશ જેવા કે "ઉપર આભને નેચે ધરતી આ એસ ટી મારી સમસમ સરકી" નામનું ગીત હાલ લોકોના મુખ પર જોવા મળી રહ્યું છે. ગાયન ગાનાર ડ્રાઈવર હાલોલ ડેપો માં ફરજ બજાવતા ગુલાબસિંહએ આ ગીત પાવાગઢ બસ સ્ટેન્ડ માં ગાયું છે જેમાં હાલોલ અને બારીયા ડેપો વતી મુસાફરો ને પાવાગઢ માં આવકારતા ગુલાબસિંહે આ ગીત ગાયું હોવાનું જણાવતા હતા. ગીત ના અમુક અંશ માં એસટી વિભાગ ની બસો ની વાત કરી છે જયારે બીજી તેમને દેશી ભાષામાં આ ગીત ગઈ ને લોકો માં છવાઈ ગયા છે. હાલ આ ગીત સોસીયલ મીડિયા માં થઈ રહ્યું છે ખૂબ ભારે વાયરલ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ખાતરની કાળાબજારી... દાહોદ જિલ્લાના ઝાલોદના

# અનાજ માર્કેટ યાર્ડમાં ગેરકાયદેસર રીતે ખાતરનું વેચાણ થતુ હોવાની ઉઠી બુમો





- મીડીયાની ટીમ વેચાણ સ્થળે પહોંચતા ખાતરનું વેચાણ કરનાર ટેમ્પો લઈ થયા ફરાર.
- ખુલ્લા ટેમ્પામાં ખેડુતોને ૪૦૦ ના ભાવે ખાતરનું વેચાણ કરાતું હોવાનું જણાવતા સ્થાનિકો.
- દાહોદ જીલ્લામાં અનેક જગ્યાએ સરકારી કિંમત ૨૬૬.૫૦ના બદલે ૩૦૦ થી ૫૦૦ રૂપીયા સુધી ખાતરનું વેચાણ થતું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. તેમ છતા સરકારી તંત્ર નિદ્રાહીન.

ઝાલોદ,

ઝાલોદ નગરમાં ખાતરની કાળાબજારીનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં સવારે માર્કેટમાં બે નંબરનું ખાતર ભરીને વેચવા આવ્યા હતા. જેમાં સરકારી ભાવ કરતાં પણ વધુ ભાવથી ગેરકાયદેસર રીતે ખાતરનો વેચાણ કરી રહ્યા હતા તે અરસામાં કેટલાક મીડિયા કર્મીઓ સ્થળ પર પહોંચી જતા ખાતરનું વેપાર કરતા તત્વો પોતાનો ટેમ્પો લઈને ઉભી પૂંછડીએ ભાગી ગયા હતા. જોકે આ મામલે આજ સુધી કોઈ ઉચ્ચ કક્ષાએ ફરિયાદ નોંધાઈ નથી. જયારે સ્થાનિકોના જણાવ્યા અનુસાર સરકારી બાબુઓને મિલીભગતના કારણે આ બોલને મજબૂરીવશ મોંઘાભાવના ખરીદવા પડે છે. ત્યારે ઝાલોદ નગરમાં ગેરકાયદેસર ખાતરનું વેચાણ કરવા આવેલા તત્વોનાં ઈશારે માર્કેટમાં કોને મિલીભગતના કારણે આવ્યા હતા. તેમજ આ પાછળ સરકારી બાબુઓની પણ મિલીભગત છે કે કેમ? તપાસનો વિષય બની જવા પામેલ છે.

દાહોદ જીલ્લો ટ્રાયબલ જીલ્લો છે. અહીયા લોકો ખેતી ઉપર નિર્ભર હોવાના પગલે હાલ વાવણી કરેલ પાકમાં ખાતર નાખવાની જરૂર હોય ખાતરની ખેડુતો દ્વારા ખરીદીઓ કરવામા આવે છે. પરંતુ કેટલાક ભ્રષ્ટ અધિકારીની મીલી ભગતના પગલે વેપારીઓ દ્વારા ખાતરનો સંગ્રહ કરતા હોય છે. જેના કારણે ખેડૂતોને ખાતર વાજબી ભાવે મળતું નથી અને ખેડૂતોને મજબૂરીવશ મોંઘા ભાવે ખાતર ખરીદવું પડે છે. જેનો ફાયદો ઉઠાવી કેટલાક વેપારીઓ તેમજ ખાતરની કાળાબજારી કરનાર ઈસમો આદિવાસી બાહુલ્ય ધરાવતી જનતા જોડે ખાતરના નામે ખુલ્લેઆમ લુટ ચલાવી રહ્યા છે. જોકે સમગ્ર મામલે સમયાંતરે સલગ્ન વિભાગના અધિકારીઓને જાણ કર્યા બાદ પણ કેટલાક સરકારી બાબુઓ દ્વારા માત્ર ખાના પૂર્તિ માટે તપાસ હાથ ધરી ભીનુ સંકેલી દેતા હોય છે. ત્યારે હાલમાં ખેતીવાડી વિભાગના અધિકારી વિરૂદ્ધ લેખીત કૃષિ પ્રધાનને લેખીત રજુઆત કરાઈ છે. ત્યારે આવા ભ્રષ્ટ અધિકારી અને વધુ ભાવ લેતા દુકાનદારોના કાયમી પરવાના રદ કરાઈ તેવી ખેડુતોની માંગ ઉઠવા પામી છે.

# રક્ષાબંધન પર્વની દાહોદમાં ધામ-ધુમ પૂર્વક ઉજવણી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ભાઈ–બહેનના પવિત્ર તહેવાર એટલે રક્ષાબંધન. રક્ષાબંધન પર્વની દાહોદ શહેર સહિત જિલ્લા વાસીઓએ ધામધૂમ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી. બહેનોએ પોતાના ભાઈઓને રાખડી બાંધી હતી અને ભાઈઓએ તેઓની રક્ષા કરવાનું વચન આપી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

નાના બાળકોથી લઈ વયોવૃદ્ધો લોકોએ આ પવિત્ર રક્ષાબંધન તહેવારની ઉજવણી હર્ષોલ્લાસ સાથે પરિવારજનો સાથે કરી હતી. બહેનોએ ભાઈઓને રાખડી બાંધી હતી અને ભાઈઓએ બહેનોને યથાશક્તિ પ્રમાણે ભેટ પણ આપી હતી. છેલ્લા બે વર્ષના સમયગાળા દરમિયાન વૈશ્વિક કોરોના માહોલ વચ્ચે પણ આ તહેવારની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બીજી તરફ રાખડીઓ તેમજ મીઠાઈઓના ભાવ પણ આસમાને ઉચકાતા મદયમ વર્ગીય તેમજ ગરીબ પરિવારોના બજેટ જરૂર ખોરવાયા હતા પરંતુ આવા માહોલ વચ્ચે પણ ભાઈ બહેનોએ રક્ષાબંધનની ઉજવણી કરી હતી. દાહોદ શહેરના બજારો વહેલી સવારથી જ ધમધમી ઉઠ્યા હતા અને ખરીદી માટે ભારે ભીડ પણ જોવા મળી હતી. આજે રક્ષાબંધનના દિવસે પણ રાખડીઓની દુકાનો તેમજ મીઠાઈઓની દુકાન ઉપર ખરીદી કરતા લોકો જોવા મળ્યા હતા.

# દાહોદમાં ૩ અકસ્માતમાં ત્રણના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં દિન–પ્રતિદિન માર્ગ અકસ્માતના બનાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લામાં ૩ જુદી જુદી જગ્યાએ માર્ગ અકસ્માતોમાં ૩ લોકો મોતને ભેટયા છે જયારે બે વ્યકિતઓ ઈજાગ્રસ્ત થતા તેઓને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડયા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે.

માર્ગ અકસ્માતનો પહેલો બનાવ દાહોદ તાલુકાના ઓકે ગામે ગત તારીખ ૨૦.૦૮.૨૦૨૧ ના રોજ સાંજના પાંચ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં ગરબાડા તાલુકાના આમલી ખજુરિયા ગામના જાનુભાઈ દલાભાઈ મિનામાં તેમજ તેમની પત્ની ટીનાબેન પોતાની જીજે–૨૦–એ.એન– ૪૪૦૧ નંબરની મોટરસાઈકલ લઈ દાહોદ કોઈ કામ અર્થે આવી રહ્યા હતા. ત્યારે રસ્તામાં ડોકી ગામે પૂર ઝડપે આવેલા અજાણ્યા પીકઅપના ચાલકે જાનુભાઈ મીનામાની મોટર સાઈકલ ને અડફેટે લેતા બંને પતિ–પત્ની ગાડી પરથી જમીન પર પટકાતા તેઓને માથાના ભાગે તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા જાનુ ભાઈ મિનામાંનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે ટીના બેનને સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ ઉપરોક્ત બનાવ સંદર્ભે મરણ જનાર જાનુ ભાઈની પત્ની ટીના બેને દાહોદ રૂલર પોલીસ મથકે અજાણ્યા પીકપ ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે પીક અપ ઝાલાપુર ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના ઠુઠી કંકાસીયા બાયપાસ રોડ ઉપર ગત તારીખ ૨૧.૮.૨૦૧૯ ના રોજ બપોરના ૧૨ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો.જેમાં ચિત્રોડીયા ગામના મિનેષ ભાઈ કાળુભાઈ કટારા પોતાની જીજે–૧–ડીપી–૪૮૩૧ નંબરની મોટરસાયકલ લઈ ઝાલોદ શાકભાજી લેવા ગયા હતા તે સમયે સામેથી જીજે–૨૦–એ.જી. ૨૪૯૬ મોટર સાયકલના ચાલકે પુરઝડપે ગાડી હંકારી લાવી દિનેશભાઈ કાળુભાઈ કટારાની મોટરસાયકલ સાથે ટક્કર થતા દિનેશભાઈ ફંગોળાઈને જમીન પર પટકાતા તેઓનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જયારે ઉપરોકત બનાવ સંદર્ભે ચિત્રોડીયા ગામના શૈલેષભાઈ મથુરભાઈ કટારાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે મોટરસાયકલ ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ લીમખેડા તાલુકાના દાભડા ગામે ઈન્દોર–અમદાવાદ નેશનલ હાઈવે પર ગત તારીખ ૨૧ના રોજ રાત્રે સાડા નવ વાગ્યાના સુમારે બનવા પામ્યો છે. જેમાં જીજે–૨૩–વી–૦૭૪૧ નંબરના આઈસર ટેમ્પો ચાલકે જીજે–૨૦–એઆર–પ૨૧૭ નંબરની બુલેટ પર લીમખેડા તળાવ ફળિયા ૨૪ વર્ષથી શિવરામ વીરસીંગભાઈ નિનામા, ૨૨ વર્ષીય ઈશ્વરભાઈ ભયલાભાઈ નીનામા તેમજ ધર્મેશભાઈ નામક યુવક પસાર થતા ટેમ્પો ચાલકે બુલેટ ગાડીને અડફેટે લેતા બાઈક પર સવાર ત્રણેય યુવકો ફગોલાઈને જમીન પર પટકાતા શિવરામભાઈ તેમજ ઈશ્વરભાઈનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત પૂછ્યું હતું ત્યારે ધર્મેશભાઈને શરીરે ઈજાઓ પહોંચતા તેઓને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ભૂકંપ બનાવ સંદર્ભે નરેશભાઈ વીરસીંગભાઈ નીનામાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા લીમખેડા પોલીસે આઈસર ટેમ્પો ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયાની જૂની કોર્ટમાં તસ્કરોએ હાથ સફાઈ કરી

દે.બારીયા,

દેવગઢ બારિયા તાલુકાના જૂની કોર્ટ કચેરી કમ્પાઉન્ડમાં આવેલી કાનૂની માપ વિજ્ઞાન ની કચેરીમાં રાખેલા અજાણ્યા તસ્કરોએ કચેરીના પંખા વિગેરે મળી કુલ ૬,૦૦૦ રૂપિયાના મુદ્દામાલ પર હાથફેરો કરી ભાગી ગયાનું જાણવા મળે છે.

વધુ મળતી માહિતી પ્રમાણે દેવગઢ બારીયા જુની કોર્ટ કચેરી કમ્પાઉન્ડમાં આવેલી જુનીયર નિરીક્ષક કાનુની માપ વિજ્ઞાનની કચેરીના સબરજીસ્ટ્રારના રેકર્ડ રૂમમાં રાત્રે ત્રાટકેલા અજાણ્યા તસ્કરોએ રેકોર્ડ રૂમની લોખંડની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કરી વર્કીંગ સ્ટાન્ડર્ડ બેલેન્સ કેપેસીટી બે ગ્રામ તથા વકીંગ સ્ટાન્ડર્ડ વજન પેટી સાથે કેપીસીટી ૨૦ કે.જી નંગ–૧ તથા વર્કીંગ સ્ટાન્ડર્ડ વજન ૧૦ કે.જી.થી ૧૦ મિ.ગ્રા તથા નાની પેટી કુલ નંગ–૨૯ તથા વર્કીંગ સ્ટાન્ડર્ડ લેન્ગથ મેજર્સ પેટી આઇ ગ્લાસ સાથે નંગ–૧ તથા વર્કીંગ સ્ટાન્ડર્ડ કેપેસીટી મેજર્સ ૨૦ % થી ૧૦ લીટર સુધી નંગ–૯ જે તા.૩૦/૧૧/૨૦૦૦ થી અમોને ઈસ્યુ થયેલ હતો. જે ડેડસ્ટોક રજિસ્ટર નં.૭ થી અનુ. નં.૧૧ ઉપર નોંધ થયેલ છે અને જેની ડેડસ્ટોક રજીસ્ટર મુજબ કિંમત રૂ ૧૯૦૦ તથા ટેસ્ટીંગ વજનસેટ ૫૦ ગ્રામથી ૨૦ કિ.ગ્રા સુધીના કુલ નંગ–૯ જેની આશરે કિ.રૂ.૨૦૦૦ તથા સબરજીસ્ટ્રારના રેકર્ડ રૂમમાંથી બે સીલીંગ પંખા જે બંધ હાલતમાં હતા તે જે બંન્ને પંખાની આશરે કિ.રૂ.૪૦૦ મળી કુલ કિ.રૂ.૬૦૦૦ ના મુદ્દામાલ પર હાથફેરો કરી ભાગી ગયા હતા. ઉપરોકત બનાવ સંદર્ભે દીક્ષિત કનુભાઈ પટેલે અજાણ્યા તસ્કરો વિરોધ ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદ શહેરમાં કોરોના બાદ પ્રથમ તહેવારમાં સોશિયલ ડિસ્ટનસ ભુલ્યા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં દોડથી ૨ વર્ષ દરમિયાન કોરોના મહામારીના કારણે બજારોને ગ્રહણ લાગી ગયું હોય એમ લાગી રહ્યું હતું પરંતુ રક્ષાબંધન પર્વ પર દાહોદ શહેરના બસસ્ટેશન વિસ્તારમાં વહેલી સવારે ગાડીમાં પેસેન્જરોને જોતા એવું લાગી રહ્યું છે કે જાણે મસ્ત મોટ મધમાખી નો પુડો રોડ પર ઉડી રહીયો એવું લાગી રહ્યું છે આને જોતા એવું લાગી રહ્યું છે કે દાહોદ શહેરમાં ખરખર કોરોના મુક્ત થઈ ગયુ છે..,. ખરૂં? આ તસવીર ને જોતા તો કોરોના અને યમરાજને આમંત્રિત કરી રહ્યા હોય એવું લાગે લાગી રહ્યું છે.

# દાહોદ જીલ્લામાં ચાલતાં શ્રવણિયા જુગારમાં ૮ જુગારીયાઓ રંગે હાથે ઝડપાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદી–જુદી જગ્યાએ ધમધમતા શ્રાવણિયા જુગાર ધામ પર પોલીસે દરોડો પાડી કુલ ૮ જુગારીયાઓને મુદ્દામાલ સાથે ઝડપી જેલ ભેગા કર્યા હતા. જયારે એક જુગારી પોલીસના દરોડા દરમિયાન ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો.

દે. બારીયા તાલુકાના પીપલોદ પાણીની ટાંકી પાસે જાહેરમાં ચાલતા જુગારધામ પર પોલીસે ઓચિંતો છાપો મારી જલાલભાઈ મજીદ ભાઈ પઠાણ, પીપલોદ, વાહિદ અબ્દુલ લતીફભાઈ ચાઠાણ પીપલોદ બારીયા રોડ બરોડા બેન્કની પાસે,હનીફભાઈ રસુલભાઈ, દેખોટીયા ઘાંચી, પીપલોદ બારીઆ રોડ ને ઝડપી પાડી અંગ ઝડતી માંથી રૂપિયા ૧૨૦૦૦ દાવ ઉપરથી મળેલ રૂપિયા ૩,૭૨૦– મળી ૧૫,૭૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

શ્રાવણિયા જુગારનો બીજો બનાવ દાહોદ તાલુકાના રળીયાતી ગામે બનવા પામ્યો છે. જેમાં દાહોદ તાલુકાના રળીયાતી ગામે જાહેરમાં ધમધમતા શ્રાવણીયા જુગારધામ પર ત્રાટકેલી તાલુકા પોલીસેવિક્રમભાઈ હિરૂભાઈ સાંસી રહે.રળીયાતી સાસીવાડ, પપુભાઇ માંગીલાલ સાંસી રહે.રળીયાતી સાંસીવાડ, ભોલાભાઈ કેલાશભાઈ સાંસી રહે.ગલાલીયવાડ દ્રસ્ટ્રી નેત્રાલય પાછળ આઝાદભાઈ લખનભાઈ સાંસી રહે. રળીયાતી સોસીવાડ, શનિભાઈ અમરસિંગભાઈ ડાંગી રહે. રળીયાતી અર્બન હોસ્પીટલ પાસેને ઝડપી પાડી તેમની અંગ ઝડતીમાંથી ૧૧,૨૩૦ રોકડ તથા સ્થળ દાવ પરથી જુગાર રમવાના સાધનો,પાના પતા, સ્થળ દાવ પરથી ૩,૨૦૦ તેમજ મોબાઈલ મળી કુલ .૧૪,૮૩૦ નો મુદામાલ સાથે ઝડપી પાડી જેલભેગા કર્યા હતા. જયારે સાગરભાઈ નર્સિમહાભાઈ સાંસી, રળીયાતી રોડ ભાગી છૂટવામાં સફળ રહેતા પોલીસે પકડવાના ચક્રોગતિમાન કર્યા છે.

# ગરબાડાના વડવા ગામે ૧૫ જેટલા ઈસમો દ્વારા મારક હથિયારોથી એક વ્યક્તિ પર હુમલો

દાહોદ,

ગરબાડા તાલુકાના વડવા ગામે પોલીસમાં નામ આપવાની અદાવત રાખી મારક હથીયારો સાથે ધસી આવેલા ૧૫ જેટલાં ઈસમોના ટોળાએ એક વ્યક્તિના ઘરમાં તેમજ વાહનોમાં તોડફોડ કરી એક મહિલાને માર મારી ધીંગાણુ મચાવ્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગરબાડા તાલુકાના વડવા નિશાળફળિયાના રહેવાસી દિલેશભાઈ દિલુભાઈ સેફુભાઈ માવી પોતાના ઘરે હતા. તે સમયે તેમના જ ગામના રાકેશભાઈ છગનભાઈ ભાભોર, વિનાભાઈ કાગડો, માનસિંગભાઈ મિનામા, જીરસિંગભાઈ પીદીયાભાઈ બારીયા, સુનીલભાઈ જોરસિંગભાઈ બારીયા, મુન્નાભાઈ કૌરસિંગભાઈ બારીયા,સરદાર જોરસિંગભાઈ બારીયા, રીકે કામા બચુભાઈ મિનામાં,રાજુભાઈ બચુભાઈ મોહનીયા, અનિલભાઈ રાજુભાઈ મોનીયા, મુકેશભાઈ મથુરભાઈ માવી, પંકજભાઈ મયુરભાઈ માવી, નરેશભાઈ મડીયાભાઈ ભાભોર, અજયભાઈ બાલુભાઈ માવી, કૌરસિંગભાઈ મથુરભાઈ માવી, મુકેશભાઈ છગનભાઈ ભાભોર સહિતના ૧૫ લોકોનો ટોળું પોતાના સાથે ધારીયા, તીરકામઠા તથા લોખંડની પાઈપ જેવા મારક હથિયારો લઈ દોડી આવી ફરીને મા–બેન સમાણી ગાળો બોલી તે પોલીસમાં અમારૂ નામ આપી ગાડીઓ પકડાવી દીધેલ છે તેમ કહી ગાળાગાળી કરી દિલેશભાઈના ઘરની તથા વાહનોની તોડફોડ કરી દારકીબેનને ડાબા હાથની આંગળી ઉપર ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટયા હતા.

ઉપરોકત બનાવ સંદર્ભે ગરબાડા તાલુકાના વડવા નિશાળ ફળિયા ના રહેવાસી દિલેશભાઈ દિલુભાઈ સેફુભાઈ માવીએ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઉપરોક્ત ૧૫ લોકોના ટોળા સામે રાયોટિંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ૧૮ ઓગષ્ટથી ગુમ થયેલા ગરબાડાના ઘાંચીવાડ વિસ્તારના યુવકનો મૃતદેહ પાનમ નદીમાંથી મળી આવ્યો



ગરબાડા,

૧૮ ઓગષ્ટથી ગુમ થયેલા ગરબાડાના મુસ્લિમ યુવકની લાશ પાનમ નદીમાંથી મળી આવતા નગરમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

ગરબાડા નગરના ઘાંચીવાડ વિસ્તારમાં રહેતા મોહમ્મદભાઈ ઉજાડું નો ૨૦ વર્ષીય પુત્ર અરબાઝ ગત તારીખ ૧૮ ઓગષ્ટના રોજ ગુમ થયો હતો. આ યુવક દાહોદ સામાન લેવા જવાનું કહીને ઘરેથી ગયા બાદ મોડે સુધી ઘરે પરત આવ્યો ન હતો. દાહોદ સમાન લેવા ગયેલો અરબાઝ મોડે સુધી ઘરે પરત નહીં આવતા ઘરના લોકોએ તેની શોધખોળ હાથ ધરી હતી તેમ છતાં પણ આ યુવક અરબાઝનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. ત્યારે ગુમ થયેલા આ યુવક અરબાઝની લાશ આજરોજ પાનમ નદીમાંથી મળી આવતા મૃતક અરબાઝના પરિવારમાં માતમ છવાઈ જવા પામ્યું છે. તો બીજી ગરબાડા નગરમાં પણ આ ઘટનાને લઈને ભારે ચકચાર મચી જવા પામી છે. આ યુવકે આત્મહત્યા કરી છે કે તેની હત્યા કરવામાં આવી છે તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ જાણવા મળશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.01

